C.C. No.206/2025
Ex. No.

(નમુનો :– અ)

ધોળકાના મહે.એડીશ્નલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રી પી. એમ.જોષી. સાહેબની કોર્ટમાં, મુ.ધોળકા, જી.અમદાવાદ(રૂરલ)		
ચુકાદાની તારીખ	:	૨૮/૦૪/૨૦૨૬
ફોજદારી કેસ નંબર	:	૨૦૬ / ૨૦૨૫
પોલીસ સ્ટેશન/ એફ.આઈ.આર. નંબર	: :	–
ગુનો	:	નેગોશીએબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટ ની કલમ ૧૩૮ મુજબ

ફરીયાદી	:	મસાણી હરપાલસિંહ નટુભાઇ રહે. બદરખા તા. ધોળકા જી. અમદાવાદ
ફરીયાદીનાવિ.વકીલ શ્રી	:	એસ.વી.પટેલ
આરોપી	:	કલ્પેશભાઇ કનુભાઇ ગોળ રહે. બદરખા તા. ધોળકા જી. અમદાવાદ
આરોપીના વિ.વકીલ શ્રી	:	પી.જે.પટેલ

(નમુનો :– બ)

ગુનાની તારીખ	:	૧૦/૧૨/૨૦૨૪
ખાનગી ફરીયાદની તારીખ	:	૧૪/૦૨/૨૦૨૫
ચાર્જશીટની તારીખ	:	–
ચાર્જફ્રેમ/પ્લી તારીખ	:	૧૮ / ૦૨ / ૨૦૨૬
પુરાવો શરુ થયાની તારીખ	:	૧૩ /૩/૨૦૨૬
ચુકાદા માટે રાખવાની તારીખ	:	૨૮ /૦૪/૨૦૨૬
ચુકાદાની તારીખ	:	૨૮ /૦૪/૨૦૨૬
સજા કરી હોય તો સજા તારીખ	:	૨૮ /૦૪/૨૦૨૬

: આરોપીની વિગત :

નં.	આરોપીનુ નામ	અટક કર્યા તારીખ	જામીન પર છોડ્યા તારીખ	ગુનો	તકસીર વાન/ નિર્દોષ	સજા	Crpc: 428 માટે કસ્ટડીમાં રહેલ સમય
૧	કલ્પેશભાઈ કનુભાઈ ગોળ રહે. બદરખા તા. ધોળકા જી. અમદાવાદ	–	–	ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટ ની કલમ ૧૩૮	તકસીરવાન	આખરી હુકમ મુજબ	–

(નમુનો :–ક)

ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનુ લીસ્ટ

(એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :

અ. નં.	મૌખિક પુરાવો	આંક
૧.	ફરીયાદી મસાણી હરપાલસિંહ નટુભાઈ ની સરતપાસનુ સોગંદનામું	૫

ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત :

(બી) ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :

અ. નં.	દસ્તાવેજી પુરાવો	આંક
૧.	આરોપીએ આપેલ કે.ડી.સી.સી બેંક ખેડા શાખા નો ચેક નં.૦૦૦૦૪૧	૧૩
૨.	સદરહું ચેક રીટર્ન થયા અંગેનો મેમો	૧૪
૩.	નોટીસની ઓફીસ કોપી અસલ	૧૫
૪.	આરોપીને આપેલ નોટીસ રજી.એ.ડી	૧૬
૫.	નોટીસ બજી ગયા બાબતનો ટ્રેક રીપોર્ટ	૧૭

-// <u>ચૂ કા દો</u> //-

(૧) આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ ૧૩૮ મુજબ ફરીયાદીએ દાખલ કરેલ છે.

(૨) ફરીયાદની કોઈ હકીકત આરોપી તરફે સ્વીકૃત કરવામાં આવેલી નથી.

(૩) ફરિયાદ પક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, તેઓ ફરીયાદી ઉપર દર્શાવેલ સરનામે તેમના પરીવાર સાથે રહે છે અને ખેતી કરે છે. તેઓ ફરીયાદી અને આ કામના તહોમતદાર બંને રાજપૂત જ્ઞાતિના છે અને એક જ ગામના છે અને એક બીજા અવાર-નવાર સારા નરસા પ્રસંગોએ મળતા હોઈ તોહમતદાર અને ફરીયાદી બંન્નેે વચ્ચે સારા સબંધો હોવાના કારણે તહોમતદારને નાણાંની અંગત જરૂરીયાત પડતા તહોમતદાર આજ થી આશરે ચાર વર્ષ અગાઉ તેઓ ફરીયાદીના મોટા પપ્પા પરબતસિંહ સાથે મળેલા અને તેઓ ફરીયાદીને જણાવેલ કે તેઓ હાલમાં નાણાંભીડમાં છે અને તેમને અંગત કામ માટે રૂા.૨૫,૦૦,૦૦૦/- રૂપિયાની જરૂર છે, તેવી વિનંતીના સ્વરૂપે તેઓ ફરીયાદીને જણાવેલ, જેથી તહોમતદારને મદદ રૂપ થવાના ભાગ રૂપે તેઓ ફરીયાદીએ સગા-વ્હાલા પાસેથી ઉછીના-પાછીના કરીને તહોમતદારને રૂા.૨૧,૦૦,૦૦૦/- પુરા કરી આપેલા અને તે રકમ તહોમતદારને રોકડ સ્વરૂપે આપેલી અને જે રકમ તહોમતદારે તેઓ ફરીયાદીને છ માસમાં ચુકવી આપવાનો પાકો વિશ્વાસ અને ભરોષો આપેલો, અને તહેમતઘરના જણાવ્યા મુજબ છ માસનો સમય વિતતા તેઓ ફરીયાદીએ તહોમતદારની પાસે નાણાંની માંગણી કરતા-કરાવતા તહોમતદારે તેઓ ફરીયાદીને તેમજ તેઓ ફરીયાદીના મોટા પપ્પા પરબતસિંહને પણ બહાના આપતા જતા અને ધક્કાઓ ખવડાવે જતા હતા.

ત્યારબાદ સમય જતા તહોમતદારે તેઓ ફરીયાદી પાસેથી લીધેલ હાથ ઉછીની રકમ રૂા.૨૧,૦૦,૦૦૦/- પુરા તહોમતદારે તેમના વાયદા મુજબ તેઓ ફરીયાદીને ચુકવી આપેલ નહી, જેથી બે ત્રણ વખત તહોમતદારને ટકોર કરતા અને તહોમતદારના ઘરે નાણાંની ઉઘરાણી કરતા તહોમતદારે તેઓ ફરીયાદીને જણાવેલ કે, તેઓ તેમને તેમની શ્રેણી રકમ પેટેનો ચેક આપે છે, જે ચેક બેંકમાં ભરશો તો સ્વીકારાઈ જશે તેવો પાકો વિશ્વાસ અને ભરોષો આપી તહોમતદારની બેંક ધી ખેડ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. એ.પી.એમ.સી ખેડા શાખાનો ચેકનં.૦૦૦૦૪૧ તા.૦૫/૧૨/૨૦૨૪ નો તેઓ ફરીયાદીની હાજરીમાં ચેકમાં સહી કરી તેઓ ફરીયાદીની તરફેણમાં લખી આપેલો, જે ચેક તેઓ ફરીયાદીએ પ્રથમ તા.૦૫/૧૨/૨૦૨૪ ના રોજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા બદરખા શાખામાં જમાં કરાવતા સદરહુ ચેક તા.૦૬/૧૨/૨૦૨૪ ના રોજ તહોમતદારના ખાતામાં પુરતું નાણાં ભંડોળ નહી હોવાના કારણે ફંડ ઈન સફીશીયન્સ ના શેરા સાથે સદરહુ ચેક પરત ફરેલો, જેની જાણ તેઓ ફરીયાદીને બેંક તરફથી કરવામાં આવતા તેઓ ફરીયાદીએ તહોમતદારનો સંપર્ક કરેલો, અને તહોમતદારે જણાવેલ કે, થોડો સમય રહી જાવ હાલ તેમના ખાતામાં નાણાં નથી, બે-ત્રણ દિવસ બાદ સરદહું ચેક તેઓ બેંકમાં જમાં કરાવશે તો તેમના નાણાં તેમને મળી જશે, આમ જણાવતા સદરહુ ચેક તેઓ ફરીયાદીએ બીજી વખત તા.૧૦/૧૨/૨૦૨૪ ના રોજ તેઓ ફરીયાદીની બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા બદરખા શાખામાં જમાં કરાવતા સદરહું ચેક તા.૧૧/૧૨/૨૦૨૪ ના રોજ તેમના ખાતામાં પુરતું નાણાં ભંડોળ નહી હોવાના કારણે ફંડ ઈન સફીશીયન્સ ના શેરા સાથે સદરહુ ચેક સ્વીકારાઈ સિવાય બાઉન્સ થયેલો, જેની જાણ તેઓ ફરીયાદીની બેંકએ કરતા તેઓ ફરીયાદીએ તહોમતદારનો રૂબરૂ સંપર્ક કરતા આ વખતે તહોમતદારે કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી અને તેઓ ફરીયાદીની લેણી રકમ તહોમતદારે ચુકવી આપવા તહોમતદારે કોઈ શુધ્ધ બુધ્ધી દ્વારા પ્રયત્ન કરેલ નહીં, આમ તહોમતદાર ચેક આપતી વખતે સારીરીતે જાણતા હતા કે, તેમના ખાતામાં પર્યાપ્ત નાણાં ભંડોળ નહીં હોવા છતા તહોમતદારે વગર બેલેન્સનો ચેક ઈસ્યુ કરી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ ની આદેશાત્મક જોગવાઈઓનો

ભંગ કરેલ હોય, એમેન્ડેડ સુધારેલા કાયદા મુજબ ચેકથી બમણી રકમ તથા બે વર્ષની કેદની સજાને પાત્ર ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે, જે બાબતે તેઓ ફરીયાદીના એડવોકેટશ્રી મારફતે તા.૦૪/૦૧/૨૦૨૫ ના રોજ રજી.એ.ડી.થી નોટીસ આપવામાં આવેલી, જે નોટીસ તહોમતદારને બજી જવા છતા તહોમતદારે સદર નોટીસનો આજદીન સુધી કોઈ જવાબ આપેલ નથી કે તેમની લેણી રકમ ચુકવી આપવા સારૂ કોઈ જ શુધ્ધ બુધ્ધી પૂર્વક પ્રયત્ન કરેલ નથી, આમ કરી તહોમતદારે ગંભીર પ્રકારનો ગુનો કરેલો હોઈ તહોમતદાર વીરૂધ્ધ તેમની ફરીયાદ હોઈ તહોમતદાર વીરૂધ્ધ વોરન્ટ કાઢી, પકડી મંગાવી, કેસ ચલાવા અરજ કરેલ છે. જેથી સમય મર્યાદામા આ ફરીયાદ દાખલ કરવાની જરૂર પડી છે.

<u>આરોપીની પ્લી બાબતે:–</u>

(૪) ફરિયાદીએ ફરિયાદ રજુ કરતા મેજી. શ્રી ધ્વારા ફરિયાદીનું ક્રિ.પ્રો.કોડ કલમ–૨૦૦ અન્વયેની ફરિયાદીની ફરિયાદ રજીસ્ટરે લઈ આરોપી સામે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ અને આરોપીને પ્રોસેસની બજવણી થઈ જતાં અને આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થતાં, આરોપીને ફરિયાદ તથા તેની સાથે ફરિયાદીએ રજુ કરેલ દસ્તાવેજોની નકલો પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૧ ની જોગવાઈ મુજબ આંક–૧૦ થી આરોપીનો જવાબ (પ્લી) નોંધવામાં આવેલ અને તેમાં આરોપીએ ગુનો કબુલ ન રાખતા, સદરહુ ફરિયાદીનું કામ, ફરિયાદ પક્ષના પુરાવા ઉપર મુલત્વી રાખવામાં આવેલ.

(૪.૧) **<u>કેસની કાર્યવાહીનો સ્વરૂપ–</u>**

વટાઉખત અધિનીયમની એકટની કલમ – ૧૪૩ મુજબ આ કેસ અન્વયેની કાર્યવાહી સમરી સ્વરૂપમાં ચલાવવાની રહે છે એટલે કે આ કેસની કાર્યવાહી સંહીતાના પ્રકરણ ૨૨ કલમ ૨૮૩ થી ૨૮૮ મુજબ

ચલાવી શકાય છે અને કેસની કાર્યવાહી યોગ્ય પધ્ધતીથી અને લંબાણપુર્વક પુરાવો લેવા આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવી અને આ કામે જે પુરાવો નોંધવામાં આવેલો છે તેને ધ્યાને લેતા તે લંબાણપુર્વક નોંધવામાં આવેલો છે. આમલ વટાઉખત અધિનીયમની એકટની કલમ – ૧૪૩ મુજબ આ કેસની કાર્યવાહી સમરી સ્વરૂપે ચલાવવાની રહે છે. પરંતુ આ કેસમાં લંબાણપુર્વક પુરાવો નોંધવામાં આવેલો છે. આમ, હાલના કેસની કાર્યવાહી સમંસ કેસ તરીકે ચલાવવામાં આવેલ છે.

(૫) **આરોપીનુ વિશેષ નિવેદન:–**

દરમ્યાન ફરીયાદપક્ષ ધ્વારા ઉપરોકત ''નમુના અ'' મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ અને ફરીયાદપક્ષે પુરાવો પુર્ણ થયા બાદ આરોપીના વિશેષ નિવેદન ઉપર મુકવામાં આવેલ પરંતુ આરોપી હાજર ના રહેતા તેમનુ વિશેષ નિવેદન નોધવામા આવેલ નથી.

(૬) ફરીયાદી તરફે આંક– ૧૯ થી કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે જેમાં વિશેષ પુરાવો તપાસવા માંગતા ન હોવાનું જણાવેલ છે.

(૭) સદર કામે ફરીયાદ પક્ષ તરફે વિગતવારની દલીલો કરવામા આવેલ છે અને દલીલમા તેમના કેસની હકીકતો તેમના ધ્વારા પુરવાર કરવામા આવેલ હોવાનુ જણાવેલ છે અને આરોપીને સજા કરવા તથા તેઓએ મહતમ વળતર અપાવવા અરજ કરેલ છે. જયારે આ કામે ફરીયાદીએ આંક– ૧૮ થી આરોપીનો ફરીયાદીની ઉલટ તપાસનો હકક બંધ કરવા અરજી આપેલ તથા આંક– ૨૦ થી આરોપીનો એફ.એસ.નો હક બંધ કરવા અરજી આપેલ તથા આંક– ૨૧ થી

આરોપીનો દલીલનો હકક બંધ કરવા અરજી આપતાં ફરીયાદીની ઉલટ તપાસનો હકક તથા આરોપીનો એફ.એસ. તથા દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૮). ફરીયાદ પક્ષની દલીલો, પ્લીડીંગ્સ, પુરાવા તથા તમામ રેકર્ડ ધ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

–:: મુદ્દાઓ ::–

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ કાયદેસરના લેણા પેટેની રકમ ચુકવવા તા.૦૫/૧૨/૨૦૨૪ ના રોજ કે.ડી.સી.સી ખેડા એ.પી.એમ.સી શાખાનો રૂા.૨૧,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એકવીસ લાખ પૂરાનો ચેક નં.૦૦૦૦૪૧ નો ફરીયાદીને આપેલો. જે ચેક તેઓએ તા.૧૦.૧૨.૨૦૨૪ ના રોજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા બદરખા શાખામાં જમા કરાવતા સદરહું ચેક ફંડ્સ ઈનસફીસીયન્ટના શેરા સાથે તા.૧૧.૧૨.૨૦૨૪ ના રોજ પરત ફરેલ, તે અંગે ફરીયાદી એ પોતાના વિ.વ.શ્રી મારફત સમય મર્યાદામાં આ કામના આરોપીને ડીમાન્ડ નોટીસ મોકલેલ જે નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતા આરોપીએ ચેક મુજબના નાણાં સમય મર્યાદામાં ન ચુકવી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે ?

(૨) શું હુકમ ?

(૯). ઉપરોકત મુદ્દાઓના મારા નિણ”યો નીચે મુજબ છે.

(૧) ''હકારમાં'',

(૨) આખરી હુકમ મુજબ.

(૧૦). ઉપરોકત મારા નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

– : : કા ર ણો : : –

મુદ્દા નં. ૧ અને ૨ ::–

(૧૧) **પુરાવાના બોજા વીશે:–**

આ કામે જ્યારે આરોપી સામે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબનો ગુન્હો કર્યાનો આક્ષેપ છે ત્યારે, ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ની જોગવાય ધ્યાને લેતાં**, સદર ગુન્હો સાબિત કરવા માટે ફરિયાદપક્ષે તેમના સકારાત્મક પુરાવાથી એ હકીકત સાબિત કરવાની રહે છે કે, તે ચેક આરોપી દ્વારા સમગ્ર અથવા અંશતઃ દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે ફરિયાદીને આપવામાં આવેલ હતો અને સદર ચેક અપુરતા ભંડોળના કારણે, ચૂકવણી થયા વિના પરત ફરેલ હતો.** વધુમાં, આ કામના આરોપી સામે જ્યારે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના ગુન્હાનું તહોમત છે, તે સંજોગોમાં, તે કાયદાની કલમ ૧૧૮ તથા ૧૩૯ ની જોગવાઈ તથા નામદાર ઉચ્ચ અદાલતો દ્વારા સદર કલમ ૧૧૮ તથા ૧૩૯ ની જોગવાઈ આધારે, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના ગુન્હા અંગે જે સિદ્ધાંતો પ્રતિપાદીત કરવામાં આવેલ છે, તે ધ્યાને લેતા, એ હકિકત સ્પષ્ટ થાય છે કે, કલમ–૧૩૮ મુજબના ગુન્હા અંગેના કેસમાં, **જ્યાં સુધી આરોપી દ્વારા વિરૂદ્ધનું પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી કોર્ટે એવું અનુમાન કરવાનું રહે છે કે, સવાલવાળો ચેક, તે ચેક સહી કરનારે, અવેજના બદલામાં અને તેનું હાલનું કાયદેસરનું દેવું અથવા તો અન્ય જવાબદારી અદા કરવા માટે આપેલ છે.** વધુમાં, **આ રીતે કરવામાં આવતા કાયદાકીય અનુમાનોનું કોર્ટ સમક્ષ સબળ અને સચોટ પુરાવાથી ખંડન કરવાની જવાબદારી, સદરહું ચેક લખનારના શીરે રહે છે** અને આરોપી દ્વારા માત્ર તે હકીકતોનો ઈન્કાર કરી દેવા માત્રથી જવાબદારીનો તે બોજો

ફરિયાદી ઉપર ખસી જતો નથી. વધુમાં, આ અંગે નામદાર સુપ્રિમ કોર્ટનો **"Hiten P. Dalal V/s. Bratindranath Banerjee" (2001) 6 SCC 16** નો જે ચુકાદો જોવામાં આવે તો,તે ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, "**the moment cheque is issued the presumption runs against the accused.** The words used for the presumption are "unless contrary is proved". Therefore, the accused either by way of cross-examination or by leading satisfactory evidence equivalent to the degree of proof or at-least to the level of moral certainty to establish that the cheque was not issued for legally enforciable liability.'

વધુમાં, ઉપરોક્ત ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે, આ કાયદાની કલમ ૧૧૮, ૧૩૮ તથા ૧૩૯ સંદર્ભે, આ કાયદાના અનુમાનોનું તથા હકીકતોનું ખંડન કરવાની જવાબદારી આરોપી કેવી રીતે નિભાવી શકાય તે અંગે વિગતવાર ચર્ચા કરતાં ઠરાવેલ છે કે, "......It introduces an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused" (ibid). **Such a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions by which the court "may presume" a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non-existence of the presumed fact.**

...... Therefore, the rebuttal does not have to be conclusively established but **such evidence must be adduced before the Court in support of the defence that the Court must either believe the defence to exist or consider its existence to be reasonably probable, the standard of reasonability being that of the 'prudent man'.**

.... In the case of a discretionary presumption the presumption if drawn may be rebutted by an explanation which **"might reasonably be true and which is consistent with the innocence" of the accused.** **On the other hand in the case of a mandatory presumption "the burden resting on the accused person in such a case would not be as light as it is where a presumption is raised under S.114 of the Evidence Act and cannot be held to be discharged merely by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one. The words 'unless the contrary is proved' which occur in this provision make it clear that the presumption has to be rebutted by 'proof' and not by a bare explanation which is merely plausible.”**

વધુમાં, આ અંગે નામદાર સુપ્રિમ કોર્ટનો **"M/S SHREE DANESHWARI TRADERS VERSUS SANJAY JAIN AND ANOTHER, CRIMINAL APPEAL NOS.61-62 OF 2011** નો ચુકાદો જોવામાં આવે તો, તે ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે,

16. Under Section 138 of the Negotiable Instruments Act, **once the cheque is issued by the drawer, a presumption under Section 139 of the Negotiable Instruments Act in favour of the holder would be attracted.** Section 139 creates a statutory presumption

that a cheque received in the nature referred to under Section 138 of the Negotiable Instruments Act is for the discharge in whole or in part of any debt or other liability. **The initial burden lies upon the complainant to prove the circumstances under which the cheque was issued in his favour and that the same was issued in discharge of a legally enforceable debt.**

17. **It is for the accused to adduce evidence of such facts and circumstances to rebut the presumption that such debt does not exist or that the cheques are not supported by consideration.** Considering the scope of the presumption to be raised under Section 139 of the Act and the nature of evidence to be adduced by the accused to rebut the presumption, **in Kumar Exports v. Sharma Carpets (2009) 2 SCC 513, the Supreme Court in paras (14-15) and paras (18-20) held as under:-**

> "14. Section 139 of the Act provides that it shall be presumed,unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability.
>
> 15. Presumptions are devices by use of which the courts are enabled and entitled to pronounce on an issue notwithstanding that there is no evidence or insufficient evidence. Under the Evidence Act all presumptions must come under one or the other class of the three classes mentioned in the Act, namely, (1) "may presume" (rebuttable), (2) "shall presume" (rebuttable), and (3) "conclusive presumptions" (irrebuttable). The

term “presumption” is used to designate an inference, affirmative or disaffirmative of the existence of a fact, conveniently called the “presumed fact” drawn by a judicial tribunal, by a process of probable reasoning from some matter of fact, either judicially noticed or admitted or established by legal evidence to the satisfaction of the tribunal.Presumption literally means “taking as true without examination or proof”.……..

18. Applying the definition of the word “proved” in Section 3 of the Evidence Act to the provisions of Sections 118 and 139 of the Act, it becomes evident that in a trial under Section 138 of the Act a presumption will have to be made that every negotiable instrument was made or drawn for consideration and that it was executed for discharge of debt or liability once the execution of negotiable instrument is either proved or admitted. As soon as the complainant discharges the burden to prove that the instrument, say a note, was executed by the accused, the rules of presumptions under Sections 118 and 139 of the Act help him shift the burden on the accused. The presumptions will live, exist and survive and shall end only when the contrary is proved by the accused, that is, the cheque was not issued for consideration and in discharge of any debt or liability. A presumption is not in itself evidence, but only makes a prima facie case for a party for whose benefit it exists.

19. The use of the phrase “until the contrary is proved” in Section 118 of the Act and use of the words “unless

the contrary is proved” in Section 139 of the Act read with definitions of “may presume” and “shall presume” as given in Section 4 of the Evidence Act, makes it at once clear that presumptions to be raised under both the provisions are rebuttable. When a presumption is rebuttable, it only points out that the party on whom lies the duty of going forward with evidence, on the fact presumed and when that party has produced evidence fairly and reasonably tending to show that the real fact is not as presumed, the purpose of the presumption is over.

20. The accused in a trial under Section 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial. The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and

existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant. The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Section 114 of the Evidence Act to rebut the presumptions arising under Sections 118 and 139 of the Act.”

(૧૧.૧) આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ અન્વયેનો આરોપ છે ત્યારે ફરીયાદપક્ષે વાજબી શંકાથી પર એ હકીકતો પુરવાર કરવી પડે કે,

(૧) ચેક પોતાની જવાબદારી પુરી કરવા અપાયો હોવો જોઈએ.

(૨) ચેક અપુરતા બેલેન્સને કારણે પરત આવ્યો હોવો જોઈએ.

(૩) કલમ–૧૩૮ માં જણાવ્યાં મુજબ પેઈ અથવા ચેક ધારણ કરનારે ચેક લખનારને સમય મર્યાદામાં નોટીસ આપી હોવી જોઈએ.

(૪) કલમ–૧૩૮ માં જણાવ્યા મુજબ નોટીસ બજયાના પંદર દિવસમાં ચેક લખનાર તે રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોવા જોઈએ.

(૧૧.૨) આ કામે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા પરથી **ફરીયાદપક્ષે એ હકીકત પ્રસ્થાપિત કરવાની છે કે આરોપીએ ફરીયાદી પ્રત્યેની તેની કાયદેસરની જવાબદારી અદા કરવા માટે હાલનો ચેક ઈસ્યુ કરેલ છે.** તે હકીકત પુરવાર કરવા માટે રજુ થયેલ પુરાવો વંચાણે લેતાં પહેલાં અદાલતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને ૧૩૯ ની જોગવાઈઓ ધ્યાને લેવાની રહે છે, જે નીચે મુજબ છે :

<u>કલમ:–૧૧૮ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટસ વિષે માની લેવાની બાબત:–</u>

એથી વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી, નીચે પ્રમાણે માની લેવામાં આવશે :–

(એ) અવેજ વિષે :– દરેક વટાવ ખત અવેજને માટે કરી આપ્યું હતુ. અને એવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય, તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય, તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદીલ

કરવામાં આવ્યું હોય, ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતું તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતું.

(બી) તારીખ વિષે :– જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું.

<u>કલમ:– ૧૩૯ ધારકની તરફેણમાં અનુમાન :–</u>

જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં આવે નહી ત્યાં સુધી એમ અનુમાન કરવામાં આવશે કે, **ચેકના ધારકે કલમ: ૧૩૮માં જણાંવેલ ચેક, કોઈપણ દેવું અથવા અન્ય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશત: અદા કરવા માટે મેળવ્યો હતો.**

(૧૧.૩) આમ, ઉપરોકત તમામ તત્વો સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ થાય તો જ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧૩૮ અન્વયે આરોપીને દોષિત ઠરાવી શકાય. આવી જ રીતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૯ ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન કરવા બાબત છે એટલે કે **વિરુધ્ધની હકિકત સાબિત ન થાય ત્યાં સુધી એવુ અનુમાન કરવામાં આવે છે કે,તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવા કે અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજામુક્ત થવા બદલ તે ચેક મેળવ્યો હશે અને આ વણચૂકવાયેલ પરત થયેલ ચેક હાલના કાયદેસરના દેવા અથવા જવાબદારી અદા કરવા સારું જ આપવામાં આવેલ હતો તેવુ અનુમાન કરવામા આવશે.**

આમ, આ કામે રજુ થયેલ ચેક કાયદેસરના દેવા કે જવાબદારી બદલ બોજામાંથી મુક્ત થવા માટે આરોપીએ ફરીયાદીને આપેલ છે અને આ દેવુ કે જવાબદારી કાયદેસરની છે અને તેનો કાયદા ધ્વારા અમલ કરાવી શકાય તેવો છે તેવુ કલમ–૧૩૯ અન્વયે આ અદાલત અનુમાન કરશે. આનાથી વિરુધ્ધનું પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ ચેક વણચૂકવ્યા ચેકની વર્તમાનની યાને હાલનો કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો અથવા તો તે ચેક બિનઅવેજી હતો તેમ પુરવાર કરવાનો બોજો તે ચેક લખી આપનાર ઉપર રહે છે. આ કામે હાલના આરોપી ઉપર આ બોજો રહે છે. આમ, કલમ–૧૧૮ અને ૧૩૯ ની કાનૂની જોગવાઈઓ જોઈએ તો કોર્ટ હંમેશાં ફરીયાદીની તરફેણમાં અનુમાન કરવા બંધાયેલ છે, અદાલત ફરીયાદીની તરફેણમાં કલમ–૧૧૮ અને ૧૩૯ મુજબ અનુમાન ન કરે તે માટે વિરુધ્ધનું પુરવાર કરવાનો બોજો કાયદા ધ્વારા આરોપી ઉપર નાખવામાં આવેલ છે. પરંતુ કલમ–૧૧૮ અને કલમ ૧૩૯ અન્વયે આ કોર્ટ હાલના આરોપી વિરુધ્ધ ત્યારે જ ઉપર કહયા મુજબ અનુમાન કરી શકે છે કે જયારે ફરીયાદીની ફરીયાદ કલમ–૧૩૮ અને કલમ–૧૪૨ અન્વયે સમય મર્યાદામાં જ દાખલ કરવામાં આવેલી હોવી જોઈએ અને આ બે કલમોમાં જણાવેલ આદેશાત્મક જોગવાઈઓનુ ફરીયાદ પક્ષે નિઃશંકપણે પાલન કરેલ હોવુ જોઈએ.

(૧૨). આમ, સૌપ્રથમ જયારે ફરીયાદી ધ્વારા હાલનો કેસ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ અન્વયે દાખલ કરવામાં આવેલ છે જે મુજબની **મુદ્દા નં. ૧** પરત્વેની મહત્વની વિગતો નીચે મુજબ છે.

ચેકની રકમ: રૂ.૨૧,૦૦,૦૦૦/–
ચેક નંબર: ''૦૦૦૦૪૧''
ચેક ની તારીખ:–૦૫/૧૨/૨૦૨૪
ચેક બેન્કમાં જમા કયારે કરાવ્યો ? :–૧૦/૧૨/૨૦૨૪

ચેક પરત ફર્યા તારીખ:–૧૧/૧૨/૨૦૨૪
ચેક પરત ફરવાનું કારણ:– ''ફંડ્સ ઇનસફીસીયન્ટ'
ફરીયાદીએ આપેલ ડીમાન્ડ નોટીસની તારીખ:– ૦૪/૦૧/૨૦૨૫
નોટીસ રજી.પો.એ.ડી. થી તા.૦૮/૦૧/૨૦૨૫ ના રોજ મળેલ છે.
ફરીયાદ દાખલ કર્યા તારીખ: ૧૪/૦૨/૨૦૨૫

આમ, ઉપરોકત તારીખો મુજબ ફરીયાદી ધ્વારા હાલની ફરીયાદ નિયત મુદતમાં દાખલ કરવામાં આવેલ હોવાનુ જણાઈ આવે છે. તેમજ બચાવપક્ષ ધ્વારા ફરીયાદીની ઉલટતપાસ કરેલ નથી અને આમ ઉપરોકત હકીકતથી વિરૂધ્ધની હકીકત રેકર્ડ પર લાવેલ નથી. આ કામે ફરીયાદ, રજુ થયેલ પુરાવો તેમજ ફરીયાદીની સરતપાસ વંચાણે લેતા આરોપી ધ્વારા ફરીયાદીને ચેક આપ્યાની હકકીત ફરીયાદપક્ષ ધ્વારા પુરવાર કરવામા આવેલ છે. ચેકમાં આરોપીની સહી અને ચેકનું એકઝીકયુશન પુરવાર થયેલ હોય, જેથી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ અન્વયે હાલનો ચેક ફરીયાદીને આરોપીએ કાયદેસરના લેણા પેટે આપેલ હોય તેવું અનુમાન કરવાનું થાય છે જેથી ઉપરોકત તમામ જોગવાઈઓને ધ્યાને લઈ આરોપી વિરૂધ્ધનો પ્રથમદર્શનીય કેસ જણાઈ આવેલ હોય, તેમજ કલમ–૧૩૮ માં દર્શાવેલ જોગવાઈઓનું તથા સમય મર્યાદાનું ચુસ્તપણે પાલન કરવામાં આવેલ હોય, અત્રેની અદાલત ધ્વારા સદર કાયદાની **કલમ ૧૩૯ તથા ૧૧૮ મુજબનું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવામાં આવે છે.** આ તમામ સંજોગોમાં, આ કામે આરોપીએ સદરહું ચેક તેમનું કાયદેસરનું સમગ્ર અથવા અંશતઃદેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે ફરિયાદીને આપેલ છે કે કેમ ? તથા આરોપી તેમના તરફે લેવામાં આવેલ તકરારો/બચાવો પુરવાર કરી, ફરિયાદીની તરફેણના, આ કાયદાના અનુમાનોનું ખંડન કરવામાં સફળ થયેલ છે કે કેમ ?, તે અંગે રેકર્ડ ઉપરના પુરાવાનું, નામદાર ઉચ્ચ અદાલતના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત અનુસંધાને મૂલ્યાંકન કરવામાં આવે છે

(૧૩)<u>ઉપરોકત રજુ થયેલ પુરાવાને નજર સમક્ષ રાખી બન્ને પક્ષે રજુ થયેલ તકરારો/લેખીત દલીલો/મોખીક રજુઆતોની ચર્ચા:-</u>

(૧૪) ત્યારબાદ આ કામે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો, આ કામે આંક-૫ થી ફરીયાદી મસાણી હરપાલસિંહ નટુભાઈનું સરતપાસનુ સોગદનામું રજુ થયેલ છે જેમાં ફરીયાદની હકીકતોનું પુનરાવર્તન કરેલુ છે. સદર ફરીયાદીની ઉ.ત. બચાવપક્ષ ધ્વારા કરવામા આવેલ નથી. તે સંજોગોમા ફરીયાદીશ્રીની તરફેણમા જે અુનમાન કરવામા આવેલ છે તેનુ બચાવપક્ષ ધ્વારા ખંડન કરવામા આવેલ નથી.

(૧૫) ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા બચાવપક્ષ ફરિયાદ પક્ષના કેસમાં વ્યાજબી શંકા ઉપજે કે આરોપીએ ફરિયાદીની કાયદેસરની લેણી રકમ ચુકવવા માટે ચેક આપેલ ન હતો કે તેઓની વચ્ચે કાયદેસરનું લેણુ કે જવાબદારી અસ્તીત્વમાં ન હતી તેવી કોઈ હકીકત રેકડ પર લાવેલ નથી. આમ આ કામે રેકર્ડ પર આવેલ પુરાવા પરથી નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ-૧૩૯ ની જોગવાઈ મુજબ ફરિયાદ પક્ષના પુરાવાનુ ખંડન બચાવપક્ષે કરેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. વધુમાં આ કામે આરોપી તરફે કોઈ પુરાવો રજુ રાખેલ નથી કે ફરીયાદીની ઉ.ત. કરેલ નથી કે દલીલો પણ રજુ રાખેલ નથી. આમ, જયારે આરોપીની ચેકમાં સહી હોય ત્યારે કાયદેસરની જવાબદારી અદા કરવા માટે ચેક આપેલો હતો તેવું અનુમાન કરવાનુ રહે છે. આ તબકકે નીચે મુજબનો ચુકાદો ધ્યાનમા લેવામા આવે છે.

Navneet Singh Gogia & anr. vs. State of Maharashtra & anr. (Criminal Revision Application No.70 Of 2023) Citation: 2025 LiveLaw (Bom) 29.

56. In nutshell if the proceeding under Section 138 of the Negotiable Instruments Act are quasi-criminal in nature, **there is reason to believe that one of attribute of criminal trial about mandatory recording of statement under Section 313 of the Criminal Procedure Code is not applicable.** So in given set of facts narrated herein-above, the accused cannot make complaint about causing prejudice if evidence is adduced in his absence and he cannot make complaint of non recording of the statement under Section 313 of the Criminal Procedure Code if they have remained absent without justification. **In a given case and after ascertaining certain factors, the Magistrate is justified in proceeding further in absence of accused and even dispense his statement.**

(૧૬) આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતના Rohitbhai Jivanlal Patel vs. State of Gujarat and Ors.(15.03.2019- SC): MANU/SC/0393/2019 ચુકાદાને વંચાણે લેતા નીચે મુજબ છે.

20. On perusing the order of the Trial Court, it is noticed that the Trial Court proceeded to pass the order of acquittal on the mere ground of **'creation of doubt'.** We are of the considered view

that the **Trial Court appears to have proceeded on a misplaced assumption that by mere denial or mere creation of doubt**, the Appellant had successfully rebutted the presumption as envisaged by Section 139 of the NI Act. **In the scheme of the NI Act, mere creation of doubt is not sufficient.**

(૧૭)ઉપરોક્ત નામ.અદાલતના Rohitbhai Jivanlal Patel ના ચુકાદાને વંચાણે લેતા આરોપીએ પુરાવાનું ખંડન કરવા માટે માત્ર બચાવમા શંકા ઉભી કરવાની નથી પરંતુ પુરાવાનું ખંડન કરવા માટે સકારાત્મક પુરાવો કોર્ટ સમક્ષ આવે તેના માટે ફરીયાદીની ઉલટ તપાસમા તેમજ આરોપી પાસે રહેલા દસ્તાવેજી પુરાવા વિશેષ નિવેદનમા રજુ કરી સામાન્ય વ્યકિતને એવુ માને કે પુરાવાનું ખંડન કર્યુ છે તેવો બચાવ રજુ કરવાનો હોય છે. જે આ કામે આ કામના આરોપી ધ્વારા રજુ રાખવામા આવેલ નથી.

(૧૮) આમ,આ કામે રેકર્ડ પર આવેલ તમામ પુરાવો તથા ફરીયાદ પક્ષે કરવામા આવેલ દલીલો જોતા ફરીયાદીએ આરોપીને અંગત કામ માટે રૂા.૨૧,૦૦,૦૦૦/- ની જરૂરીયાત હોય આરોપી-ફરીયાદી વચ્ચે મિત્રતાના સંબંધ તથા એક જ ગામ અને જ્ઞાતીના હોય આરોપીને હાથ ઉછીના આપેલ જેના અવેજ પેટે હાલનો ચેક આપેલ હોવાનું પુરવાર થાય છે. તેનાથી વિરૂધ્ધની કોઈ હકિકત આરોપી બતાવી શકયા નથી તેમજ ધી નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ હેઠળના અનુમાનનું ખંડન પુરતા પુરાવાથી અગર તો પ્રબળ શકયતાઓને આધારે કરી શકયા નથી. વધુમા આ કામના આરોપી ધ્વારા આંક ૧૧ થી પુરસીસ આપી ફરીયાદીનુ લેણુ સ્વીકારવામા આવેલ છે.

આમ, તમામ પુરાવો જોઈએ તો આરોપીએ તકરારી ચેકમા સહી કરેલ હતી અને તે ચેક પરત ફરતા ફરીયાદીએ નોટીસ આપેલ હોવા છતા ફરીયાદીના નાણા ના ચુકવી ધી નેગોશ્યેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ−૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવાનું પુરવાર થાય છે અને ફરીયાદપક્ષ મુદ્દા નંબર (૧) ની હકિકત પુરવાર કરવામાં સફળ થયેલ હોય, મુદ્દા નં.(૧) નો જવાબ હકારમાં ઠરાવી મુદ્દા નંબર−૨ માટે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

− : : આ ખ રી હુ ક મ : : −

૧. આ કામના આરોપી કલ્પેશભાઈ કનુભાઈ ગોળ રહે. બદરખા તા. ધોળકા જી. અમદાવાદવાળાને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ−૨૫૫(૨) મુજબ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ−૧૩૮ ના ગુન્હા અંગે તકસીરવાન ઠરાવી, ૧ **(એક) વર્ષની સાદી કેદની સજા** તથા રૂા.૨૧,૦૦,૦૦૦/−(અંકે રૂપિયા એકવીસ લાખ પુરા) નો દંડ નો હુકમ કરવામાં આવે છે.

૨. વધુમાં, આરોપીએ આ હુકમના તારીખથી એક માસની મુદતમાં આ કામના ફરિયાદીને સદરહું દંડની રકમ **એટલે કે** રૂા.૨૧,૦૦,૦૦૦/−(અંકે રૂપિયા એકવીસ લાખ પુરા) સી.આર.પી.સી. કલમ−૩૫૭(૩) મુજબ વળતર તરીકે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે અને તે રકમ ચુકવવામાં ન આવે તો, તેઓએ વધુ **૩ (ત્રણ) માસની સાદી કેદની સજા** ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપી આજરોજ હાજર રહેલ નહોઈ નામદાર ઉચ્ચ અદાલતના **Rajesh Pondda V/s Satyanaranay Sirangam Reported as 2019(1) ACJ(SC) 478** ના ચુકાદા મુજબ તેઓને હુકમની નકલ વીના મુલ્યે આપવાનો હુકમ કરવામાં આવતો નથી.

૪. આરોપીએ અગાઉ કોઈ બેઈલ બોન્ડ રજૂ કરેલ હોય તો તે રદ્દ કરવામાં આવે છે. આરોપી આજરોજ અદાલતમાં હાજર રહેલા ન હોઈ અને તેઓની ગેરહાજરી અંગે કોઈ કારણ રજુ થયેલ ન હોઈ, આરોપી વિરૂધ્ધ સજા/એરેસ્ટ વોરન્ટ, આરોપીને સજા ભોગવવા જેલમાં મોકલવાના હેતુસર ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૫. વધુમાં એવો હુકમ કરવામાં આવે છે કે, જો આરોપીએ કાચા કામના કેદી તરીકે જેટલા સમય સુધી કેદમાં રહયા હોય તો તેઓને ક્રિ.પ્રો.કોડ કલમ-૪૨૮ મુજબ તેટલો કેદમાં રહેલો સમય મજરે આપવો.

હુકમ આજરોજ તા. ૨૮ મી માહે એપ્રિલ સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તા. ૨૮ / ૦૪ / ૨૦૨૫
સ્થળ : – ધોળકા.

(પ્રહલાદકુમાર મુળશંકર જોષી)
અધિક જયુડી. મેજિસ્ટ્રેટ,ફ.ક.
ધોળકા,અમદાવાદ(ગ્રામ્ય).
(જીજે૦૧૭૧૬)